# માંકરોડાના ગ્રામજનો દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણીના બહિષ્કારનું રણશિંગુ ફુંકાયું

ભિલોડા,તા.૧૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના માંકરોડા ગામના ગ્રામજનો ધ્વારા જીલ્લા પંચાયત,તાલુકા પંચાયતની ચુંટણી સંદર્ભે બહિષ્કારનું રણશીગું ફુકાયું છે.માંકરોડા ગામના અગ્રણી આગેવાનો,સામાજીક કાર્યકરો અને ગ્રામજનોની તા.૧૭/૧૧/૨૦૧૫ ને મંગળવારના રોજ જીલ્લા પંચાયત,તાલુકા પંચાયતની ચુંટણી સંદર્ભે બેઠક બોલાવી હતી ત્યારે માંકરોડા ગામના જાગૃત પ્રજાજનોએ નિર્ણય કર્યો છે કે,ચુંટણીનો બહિષ્કાર કરવાનો છે.માંકરોડા ગામમાં અંદાજીત ત્રણ હજારથી વધુ પ્રજાજનો વસવાટ કરી રહ્યા છે.માંકરોડા ગામના જાગૃત પ્રજાજનોએ જણાવ્યું હતું કે,સરકાર તરફથી આવતી કોઈ પણ પ્રકારના વિકાસના કામો થયેલ નથી.ભિલોડા તાલુકાના સ્થાનિક બની બેઠેલા ને રાજકીય નેતાઓ માંકરોડા ગામ પ્રત્યે હંમેશાં ઓરમાયું વર્તન દાખવે છે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે માંકરોડા ગામના જાગૃત પ્રજાજનો ધ્વારા ચુંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.માંકરોડા ગામના જાગૃત પ્રજાજનો ધ્વારા ભિલોડા મામલતદાર જી.કે.પટેલ,ભિલોડા તાલુકા વિકાસ અધિકારી જે.બી.મોડીયા સહિત વહીવટી તંત્રના અધિકારીઓને ચુંટણી બહિષ્કાર સંદર્ભે માંકરોડાના ગ્રામજનો ધ્વારા જાણ કરવામાં આવી છે.માંકરોડા ગામના જાગૃત પ્રજાજનોએ જણાવ્યું હતું કે,માંકરોડા ગામમાં કોઈ પણ પક્ષના ઉમેદવારોએ ચુંટણી પ્રચાર અર્થે માંકરોડા ગામમાં પ્રવેશ કરવો નહી.માંકરોડા ગામ તરફથી પ્રચંડ વિરોધ પ્રદર્શન કાર્યક્રમો આપવાની પણ ચીમકી ગ્રામજનો ધ્વારા ઉચ્ચારવામાં આવી છે.

# મોડાસા વોર્ડ ૩માં સમાવિષ્ટ સર્વોદયનગર નવા વસાહતમાં ચૂંટણી પ્રચાર માટે ઉમેદવારોને પ્રવેશબંધી ફરમાવતા બેનરો લાગ્યા







મોડાસા, તા. ૧૮

મોડાસા નગરપાલિકાની ચૂંટણીઓ યોજાઈ રહી છે ત્યારે નગરપાલિકાની ચૂંટણીમાં બન્ને પક્ષના ઉમેદવારોએ જે તે વોર્ડમાં ચૂંટણી પ્રચારનો ધમધમાટ અને પ્રચાર જોર-શોરથી શરૂ કરી દીધો છે. મોડાસા શહેરના વિકાસપથ અને ધનાઢ્ય એવા માલપુર રોડ પર સાંઈ બાબા મંદિરની સામે ૧૦૦ મીટર દૂર પાણી, ગંદકી, ગટરલાઈન જેવી પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહેલા વોર્ડ નં. ૩ ના રહીશોએ આગામી નજીકના દિવસોમાં યોજાનારી નગરપાલિકાના ચૂંટણી સમયે પાટીદાર ચૂંટણી બહિષ્કારની બેનર પદ્ધતિથી પ્રેરાઈ બેનરો પદ્ધતિથી વિરોધ દર્શાવ્યો છે. સર્વોદયનગર નવી વસાહતના રહીશોએ વસાહતના પ્રવેશદ્વાર આગળ 'પોતાના વિસ્તારમાં કોઈપણ પક્ષના ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર માટે પ્રવેશવુ નહી'ના બેનરો લગાવતા મોડાસાના રાજકારણમાં હડકંપ મચી ગયો છે. રાજકીય અગ્રણીઓ દ્વારા નવી વસાહત સર્વોદયનગરના રહીશોને બંધ બારણે સમજાવવાના પ્રયાસો હાથ ધર્યાનું જાણવા મળી રહ્યું છે.

ગતીશીલ ગુજરાત અને વિકાસશીલ ગુજરાતની મોટી મોટી ગુલબાંગો ફૂંકતા અને ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે એક વર્ષ અગાઉ કૃષિ મહોત્સવમાં મોડાસા શહેરને દેશનું સૌપ્રથમ વાઈ-ફાઈ સીટી જાહેર કરી રાતોરાત મોડાસા શહેરને દેશ એન દુનિયામાં નામ ગુંજતુ કરી મુક્યું હતું. તેનાથી તદન વિપરીત પરિસ્થિતિ શહેરના અનેક વિસ્તારોમાં જોવા મળી રહી છે. શહેરના પ્રજાજનો ગંદકી, ગટરલાઈન અને પાણીની સમસ્યાથી તોબા પોકારી ગયા છે. ત્યારે વોર્ડ નં. ૩માં સમાવિષ્ટ મોડાસા શહેરના સર્વોદયનગરના નવી વસાહતમાં ૨૦થી વધુ સમાજના રહીશોએ તેમના વિસ્તારમાં વરસાદી પાણી નિકાલની કોઈ સુવિધા સાથે પાણી નિકાલ માટે ગટરલાઈનથી વંચિત રખાતા અને ન.પા. દ્વારા સફાઈના અભાવે અસહ્ય ગંદકી ફેલાતા અને દવાનો છંટકાવ ન થતા રહીશો વારંવાર બિમારીનો ભોગ બનતા હોવાથી નગરપાલિકાના વહીવટથી ત્રસ્ત બનેલા રહીશોએ વિકાસશીલ ગુજરાતના શહેરના પ્રજાજનો પ્રાથમિક સુવિધાઓથી હજુ સુધી વંચિત રહેતા ના છૂટકે વસાહતના લોકોએ સામુહિક નિર્ણય લઈ ના છૂટકે વોર્ડ નં. ૩માં કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવારોએ પ્રવેશ કરવો નહિના બેનરો લગાવી ઉમેદવારોને ચૂંટણી પ્રચાર માટે પ્રવેશ પર રોક લગાવતા બન્ને પક્ષના રાજકીય અગ્રણીઓ અને ઉમેદવારોમાં હલચલ મચી છે. સર્વોદનગર વિસ્તારના પ્રવેશ માર્ગ પર રહીશોના ટોળાએ માર્ગ અવરોધી પ્રવેશબંધી ફરમાવી હતી. સર્વોદયનગરની નવી વસાહતમાં બેનર લાગતા રાજકીય અગ્રણીઓ પાટીદાર અનામત આંદોલનમાં બેનરો લગાવવાનો ટ્રેન્ડ ચાલ્યો હતો તેવો ટ્રેન્ડ શહેરના વોર્ડ અને સોસાયટી વિસ્તારોમાં તો નહિ લાગે ને તેવો ભય પેદા થયો છે.

# પ્રાંતિજ સિવિલ પાસે મોડી રાતે દારૂ ભરેલી કાર ટ્રેલર પાછળ ઘુસી ગઈ

## પ્રાંતિજ પોલીસે ૨૫૯૫૦નો વિદેશી કંપનીનો દારૂ, એક મોબાઈલ અને કાર સાથે કુલ ૪,૨૭,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

પ્રાંતિજ, તા. ૧૮

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ



પોલીસ સ્ટેશન નજીક કારમાં લઈ જવાતો વિદેશી કંપનીનો દારૂ ભરેલ સફેદ કલરની સીફ્ટ કાર આગળ જતાં ટ્રેક્ટરના ટ્રેલર સાથે અથડાતા અકસ્માત થયો હતો. જેમાં કારચાલકને ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ સોમવારના રોજ પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ સિવિલ પાસે રાત્રીના ૮ કલાકે રાજસ્થાન બાજુથી પુરઝડપે સફેદ કલરની સીફ્ટ કાર નંબર જીજેઓઆઈ આરકે-૩૭૪૭માં વિદેશી કંપનીનો વગર પાસ પરમીટનો દારૂ ભરીને હંકારી લાવી કારની આગળ જતા ટ્રેક્ટરના ટ્રેલર પાછળ ઘુસી જતાં કાર ચાલકને શરીરે તથા માથાના ભાગે ઈજાઓ થતાં તેને પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે તેને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો છે. જ્યારે ટ્રેક્ટર ચાલક ઘટનાસ્થળ ઉપરથી ભાગી ગયો હતો.

પ્રાંતિજ પોલીસને અકસ્માતના સમાચાર મળતા ઘટનાસ્થળે જઈ વિદેશી કંપનીનો દારૂ સહિત કારનો કબજો લઈ પોલીસ સ્ટેશન ઉપર લાવવામાં આવી હતી. કારમાંથી ૫૧ બોટલ રોયલસ્ટેટ તથા ૨૦ ટીન મળી કુલ ૨૫૯૫૦ તથા એક મોબાઈલ જેની કિંમત ૨૦૦૦ અને કારની કિંમત ૪ લાખ મળી કુલ ૪,૨૭,૯૫૦નો મુદ્દામાલનો કબજો મેળવી પો.કો. દિપકસિંહની ફરીયાદના આધારે કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# નાનોસણામાં ભજન સત્સંગ સાથે વ્યસનમુક્તિનો કાર્યક્રમ યોજાયો





પાલનપુર, તા. ૧૮

વડગામ તાલુકાના નાનોસણા ગામમાં સરપંચ દ્વારા ભજન-સત્સંગ સાથે વ્યસન મુક્તી કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

નાનોસણા ગામના ઉત્સાહી સરપંચ લક્ષ્મણભાઈ માહીવાલ દ્વારા ગ્રામજનોમાં ભાઈચારો અને એકતા સચવાઈ રહે તેવા ઉમદા આશયથી ગામમાં અનેક કાર્યક્રમો કરીને ગામના લોકોમાં જાગૃતિ લાવવાના અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે નાનોસણામાં ભજનસત્સંગ સાથે સાથે વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અનેક નામી અનામી સંતો મહંતો અને શ્રોતાગણ સાથે અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. સાથે સાથે ગામના અનેક સમાજના અગ્રણીઓ સાથે વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં ભજન સત્સંગ અને વ્યસનમુક્તી કાર્યક્રમમાં ઉમટી પડ્યા હતા. સંતો મહંતો દ્વારા ભજનવાણીથી લોકોને ડોલાવી દીધા હતા. આ ભક્તીમય કાર્યક્રમની સાથે સાથે જ સંતો મહંતો અને શ્રોતાઓ દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોને ભાઈચારા સાથે સાથે લોકોને વ્યસનથી દૂર રહેવા આહવાન કરાયું હતું અને વ્યસનથી લોકોને થતા નુકસાન અંગેની પણ ચર્ચાઓ દ્વારા લોકોને સમજ આપી હતી. નાનોસણામાં ભજન સત્સંગ ભક્તીમય કાર્યક્રમની સાથે સાથે વ્યસનમુક્તિ કાર્યક્રમથી લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયાસથી ગ્રામજનોમાં પણ આનંદ છવાયો હતો.

# પ્રાંતિજના પલ્લાચરમાં મકાનના ઉપરના માળે આગ લાગતા પુળા બળીને ખાખ

પ્રાંતિજ, તા. ૧૮

પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે કોઈ કારણોસર એક મકાનમાં આગ લાગતા મકાનના ઉપરના માળે ભરેલ ઘાસના પુળા બળીને ખાખ થઈ જતાં ખેડૂતને હજારોનું નુકશાન થયું છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે પટેલ ફડીમાં રહેતા પટેલ ભગાભાઈ મણાભાઈના મકાનમાં ઉપરના માળે કોઈ કારણસર આગ લાગતા નાશભાગ મચી જવા પામી હતી. જ્યારે પ્રાંતિજ ફાયર ફાયટરને ફોન કરતાં નગરપાલિકા ફાયર ફાયટર ટીમના કેપ્ટન મુકેશભઆઈ સહિત સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચાલુ કરતા આગ ઉપર કંટ્રોલ મેળવ્યો હતો. જ્યારે આગ એટલી બધી ભયંકર હતી કે જોત જોતામાં બધા જ ઘાસના પુળા સ્વાહા થઈ ગયા હતા. જેમાં હજારોનું નુકશાન થયું છે. જ્યારે આગને કારણે કોઈ જાનહાની થવા પામી નથી.

# પ્રાંતિજમાં બ્રાહ્મણ સમાજ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



પ્રાંતિજ, તા. ૧૮

પ્રાંતિજ ખાતે તપોધન ફડીમાં રહેતા તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા લાભપાંચના દિવસે રાત્રીના સમયે શ્રી સત્યનારાયણની કથા તથા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજના ઈતિહાસમાં સૌ પ્રથમવાર રાવલ સમાજના ભાઈઓ દ્વારા તપોધન ફડીમાં આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ ખાતે રહેતા તપોધન બ્રાહ્મણ સમાજના દરેક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને કથા સાંભળીને સત્યનારાયણનો પ્રસાદ તથા નવા વર્ષમાં ધન્યતા અનુભવી હતી. કથા બાદ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગણેશવંદના બાદ રાવલ સમાજના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રાવલ સમાજના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# વડનગરમાં તાના-રીરી મહોત્સવ યોજાશે

મહેસાણા, તા. ૧૮

તાના-રીરી મહોત્સવ કારતક સુદ નોમના દિવસે દર વર્ષે ઉજવવામાં આવે છે. આ વર્ષે તાના-રીરી મહોત્સવ-૨૦ અને ૨૧ નવેમ્બરના રોજ વડનગર તાના-રીરી સમાધિ ખાતે ઉજવનાર છે. તાના-રીરી મહોત્સવમાં કલાકારો પોતાની કલાકૃતિ રજુ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાના અને રીરી સંગીતજ્ઞ બહેનોની યાદમાં આ ઉત્સવ ઉજવવામાં આવે છે. સુપ્રસિદ્ધ સંગીતકાર તાનસેનની દેહદાનને શાંત વડનગરની નાગર કન્યા તાના-રીરી બહેનોએ મલ્હાર રાગ ગાઈ દેહને સાંત્વના આપી હતી.

આ સુપ્રસિદ્ધ બહેનોની યાદમાં દર વર્ષે ઉજવાતો આ મહોત્સવ આ વર્ષે પણ વડનગર ખાતે ૨૦ અને ૨૧ નવેમ્બરના રોજ શુક્રવાર અને શનિવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે યોજાનાર છે.

# મેઘરજ પોલીસ સ્ટેશનમાં જ ગંદકીના ઢગલા

ઈસરી, તા. ૧૮

ગુજરાત સરકાર સ્વચ્છતા અભિયાનમાં કરોડો રૂપિયા ખર્ચી રહી છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મેઘરજ પોલીસ સ્ટેશનમાં મુકેલા પીવાના પાણી માટેના વોટર કુલર ફ્રીજ છેલ્લા કેટલાય માસથી બંધ હાલતમાં જોવા મળી રહ્યું છે. તે પાણીના ફ્રીજની આજુબાજુ પાન મસાલાની પીચકારીઓ વાગેલી અને અસંખ્ય પ્રમાણમાં મચ્છરોનો ઉપદ્રવ જોવા મળે છે. જે મેલેરીયા જેવા ગંભીર રોગોને આમંત્રણ આપે છે.

પોલીસ સ્ટેશનના કામ અર્થે આવતા સામાન્ય લોકો પાણી માટે આમતેમ વલખા મારે છે. પણ આ પોલીસ સ્ટેશનમાં પીવાનું પાણી મળતું નથી. સરકારે નવું અદ્યતન પોલીસ સ્ટેશન બનાવવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરી સોંપેલ હતું. તેમ છતાં જાણવણી નહી રાખતાં આ





વોટર કુલર ફ્રિજ શોભાના ગાંઠીયાની જેમ બંધ હાલતમાં પડી રહ્યું છે.

પોલીસ સ્ટેશનની છત તેમજ સંડાસ-બાથરૂમમાંથી ખરાબ દુર્ગંધ આવે છે તેમજ વોસબેસીન પણ ટુટી ગયેલ હાલતમાં જોવા મળી રહ્યું છે. આ બાબતે મેઘરજ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.એસ.આઈ. બી.કે. પટેલને રૂબરૂ પુછતાં તેઓએ જણાવેલ કે આ બાબતે સ્ટાફે મારૂ કોઈ ધ્યાન દોરેલ નથી.

# શ્રી વિમુક્ત જાતિ કલ્યાણ મંડળ હિંમતનગર, જિ. સાબરકાંઠાનો ચેરિટી કમિશનરશ્રી ગુજરાત રાજ્યે કરેલ હુકમની જાણ કરવા બાબત

શ્રી વિમુક્ત જાતિ કલ્યાણ મંડળ હિંમતનગર, જિ. સાબરકાંઠાની નોંધણી નંબર એફ / ૨૦૭ / સાબરકાંઠાનો સને ૨૦૦૩થી ઘણા લાંબા સમયથી ચાલતા વિવાદ અને તેના વિવાદી દિલીપભાઈ મનુસુખભાઈ ચૌધરી અને અન્યો દ્વારા મંડળના હોદ્દેદારો અને માલિકીપણા માટે વિવાદ ચાલતો હતો. મદદનીશ ચેરીટી કમિશનર સાબરકાંઠા પ્રદેશ દ્વારા તેનો કેસ ચાલી જતા બે વખત દિલીપભાઈ મનસુખભાઈ ચૌધરી આ મંડળના કોઈ મંત્રી નથી તતા સામાન્ય સભ્ય પણ નથી તેવો હુકમ કરેલ છે, તેમજ સંસ્થાનું સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ખેડબ્રહ્મા શાખામાં ખોટુ ખાતુ ખોલાવી પ્રમુખની ખોટી સહીઓ કરી તેમજ સંસ્થાના ભળતા જ કલરના લેટરપેડ અને સિક્કાઓ બનાવી રૂપિયા ૧૧ લાખ બારોબાર ઉપાડી જઈ સંસ્થાના નાણાંની ઉચાપત કરતાં સંસ્થાએ મંડળમાંથી છૂટા કરી ચેરીટી કમિશનરશ્રી ગુજરાત રાજ્યની મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ની કલમ ૫૧ હેઠળ મંજુરી માગતા તે મંજુરી આપેલ અને કલમ ૫૦ હેઠળ તેમના સામે ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં ૬/૨૦૦૯થી દાવો મુકવામાં આવેલ છે.

તા. ૨૯/૧૦/૨૦૧૫ના રોજ ચેરીટી કમિશનર ગુજરાત રાજ્ય તેમણે કરેલ અપીલો અને અન્ય વિવાદી અરજીઓનો નામંજુર કરતો હુકમ કરેલ છે. જેથી વિવિદા દિલીપભાઈ મનસુખભાઈ ચૌધરી તથા રાજેશભાઈ મનસુખભાઈ ચૌધરી અને અન્યો હવે મંડળના કોઈ મંત્રી કે સામાન્ય સભ્ય પણ રહ્યા નથી, જેથી ૧૩ વર્ષથી ચાલતા વિવાદોનો અંત આવેલ છે. તેમજ સ્વયંપ્રેરીત ડાયરેક્ટશન કાર્યવાહી નં. ૨૮/૨૦૦૫ તા. ૨૭/૬/૨૦૦૫માં આચાર્યો / ગૃહપતિઓને બેંકોમાંથી નાણાંકીય લેવડદેવડ કરવા જ્યાં સુધી હિંમતનગર જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીમાં ફે.રી.નો આખરી હુકમ થાય અને તેની ઉપર અપીલ કે રીવીઝન ન થાય ત્યાં સુધી આ વ્યવસ્થા કાર્યરત રહેશે. હવે નામદાર હાઈકોર્ટના ડાયરેક્શન આધારે અપીલનો હુકમ થઈ જતાં અગાઉની વ્યવસ્થા પૂર્ણ થઈ ગયેલ છે. આ કેસમાં વિદ્વાન વકીલશ્રી એમ. આર. સોલંકીનો તથા ચેરીટી કમિશનરશ્રીનો સંસ્થા આભાર માને છે. હવે પછી ખાતાના જે તે અધિકારીશ્રીઓને વિનંતી સાથે જણાવવામાં આવે છે કે, સંસ્થામાંથી છુટા કરવામાં આવેલ દિલીપભાઈ મનસુખભાઈ ચૌધરી, રાજેશભાઈ મનસુખભાઈ ચૌધરી અને ગીરીશભાઈ શનાભાઈ ચૌધરી વગેરેને સંસ્થાઓની ગ્રાન્ટો કે અન્ય વ્યવહાર નહિ કરવા લેખિતમાં જણાવવામાં આવે છે અને કરવામાં આવશે તો અમો સંસ્થાની કોઈ જ જવાબદારી રહેશે નહિ.

**સ્થળ : હિંમતનગર**
**તા. ૯/૧૧/૨૦૧૫**
**મો. ૯૮૨૫૨ ૯૯૯૫૪**

**બાલુભાઈ એફ. વાઘેલા**
**પ્રમુખ**
**શ્રી વિમુક્ત જાતિ કલ્યાણ મંડળ**
**હિંમતનગર, જિ. સાબરકાંઠા**

# ચૂંટણીને અનુલક્ષી પાલનપુર કલેક્ટર કચેરી ખાતે કન્ટ્રોલરૂમ શરૂ કરાયો

## આચારસંહિતા ફરિયાદ અને અન્ય પૂછપરછ માટે કન્ટ્રોલ રૂમના નં. ૦૨૭૪૨૨૫૪૨૬૭ ઉપર સંપર્ક કરી શકાશે

પાલનપુર, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લાની પાલનપુર અને ડીસા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી, ધાનેરા નગરપાલિકાના વોર્ડ નં. ૧, ૨, ૫, ૬ની પેટા ચૂંટણી તથા ૧ અબાસણા, તા. ભાભર, ૧૬ સપ્રેદા તા. વાવ, ૯ ખંઢોર ઉંબરી તા. દાંતા અને ૧૨ કુંવારસી તા. દાંતાની તાલુકા પંચાયત મતદાર મંડળની પેટા તા. ૨૧-૧૧-૨૦૧૫ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીઓ સંદર્ભે તા. ૨૩-૧૦-૨૦૧૫થી ચૂંટણી હેઠળના વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ હોઈ ચૂંટણી સમયગાળા દરમ્યાન આચારસંહિતા ફરિયાદ તથા અન્ય પુછપરછ માટે કલેક્ટર કચેરી બનાસકાંઠા પાલનપુર ખાતે કન્ટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે. જેનો નંબર ૦૨૭૪૨૨૫૪૨૬૭ અને ફેક્ષ નંબર - ૦૨૭૪૨૨૫૨૭૪૦ છે. આ નંબરો ઉપર નાગરિકો સંપર્ક કરી શકે છે તેમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી બનાસકાંઠા દ્વારા જણાવાયું છે.



૨૧ હમીની જલારામ જન્મજયંતિ નિમિત્તે બંને જિલ્લામાં શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. જલારામ બાપાના મંદિરોમાં સવારથી જ ભક્તોની ભીડ દર્શનાર્થે ઉમટી હતી. જલારામ જન્મજયંતિ પ્રસંગે જિલ્લામાં કેટલીય જગ્યાએ શોભાયાત્રાનું પણ આયોજન કરવામા આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. મોડાસાના લિંભોઈ અને ભિલોડાના ધુલેટાના જલારામ મંદિરોમાં વહેલી સવારે પૂજા, અર્ચના કરી મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. જન્મજયંતિ નિમિત્તે દિવસભર ગામડાઓમાં પણ ભજન સત્સંગના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

# વડગામમાં તાલુકા ભાજપનું સ્નેહમિલન માર્કેટયાર્ડ ખાતે યોજાયું

પાલનપુર, તા. ૧૮

વડગામ તાલુકા ભાજપનું સ્નેહમિલન વડગામ માર્કેટયાર્ડના હોલમાં કેન્દ્રીય ગૃહમંત્રી હરીભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં યોજાયું હતું.

વડગામ માર્કેટયાર્ડના ચેરમેન કેશરભાઈ પી. ચૌધરી, ભાજપ ઉપપ્રમુખ રામજીભાઈ કરણ (મેત્રાલ), અનુ. જાતિ મોરચાના અગ્રણી અશ્વિન સકસેના, પ્રદેશ ભાજપ અગ્રણી ગજેન્દ્રભાઈ સકસેના, વડગામ તાલુકા કિસાન મોરચાના અગ્રણી લક્ષ્મણભાઈ મહીવાલ, છાપી નાગરીક બેન્કના ડીરેક્ટર સુરેશભાઈ અગ્રવાલ, વડગામ તાલુકા ભાજપના મહામંત્રી અને કેન્દ્રીય રેલવે મંત્રાલયના ડીરેક્ટર દશરથજી ઠાકોર, વડગામ માર્કેટયાર્ડના ડીરેક્ટર દિનેશભાઈ ચૌધરી, તાલુકા ભાજપના અગ્રણી અને મગરવાડા પંચાયતના સદસ્ય ફલજીભાઈ એસ. ઉપલાણા, માર્કેટયાર્ડના સેક્રેટરી માંધજીભાઈ ધૂળીયા, કાનજીભાઈ ધૂળીયા, ભાજપ મહીલા અગ્રણી શારદાબેન સેનમા, ઉષાબેન સહીત મોટી સંખ્યામાં તાલુકા અને જિલ્લા ભાજપના પદાધિકારીઓ તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહીને નવા વર્ષની આપલે સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.